જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૩/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૫૬૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૬/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૨૭	૫	૧૧૩૩૨	૧૭૪૪૭	૫	૧૭૪૫૨
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૫	૦	૪૭૦૫	૬૨૨૮	૦	૬૨૨૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૦૫૩૧	૧૪૧	૩૦૬૭૨	૩૧૯૦૯	૧૪૦	૩૨૦૪૯
કુલ		૪૬૬૩૩	૧૪૬	૪૬૭૭૯	૫૫૮૬૨	૧૪૫	૫૬૦૦૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૨	૯,૭૪,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૭૭	૬,૭૭,૦૦૦/-

લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

"લુંટના ગુનાના" બે આરોપીને ગણતરીના કલાકોમાં મુદ્દામાલ સાથે પકડી પાડતી નરોડા સર્વેલંન્સ સ્કવોડ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ નાઓએ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ ગુના બનતા અટકાવવા સારૂ પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.બી.ખાંભલા નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ.એ.એમ.પટેલ તથા માણસો પેટ્રોલીંગ હતા દરમ્યાન સાથેના પો.કોન્સ પંકેશકુમાર ધનાભાઇ તથા તથા એલ.આર ધુમકેતુ આત્મારામભાઇ નાઓની સંયુક્ત બાતમી હક્કિત આધારે નરોડા સ્મશાન ચાર રસ્તા પાસેથી નરોડા પોલીસ સ્ટેશન પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૫૨૧૦૪૦૯/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૯૨,૧૧૪ મુજબનો ગુનો નોધાયેલ જે ગુનાના કામના આરોપીને નરોડા સ્મશાન ચાર રસ્તા પાસેથી પકડી તેનુ નામ ઠામ પુછી અગાઉનો ગુનાહીત પોકેટ કોપમાં ચેક કરતાં જેનો ગુનાહીત ઇતીહાસ મળી આવેલ જેના આધારે આરોપી નામે (૧) દશરથ ઉર્ફે હોથી પીરાજી મારવાડી ઉ.વ-૨૦ ધંધો-મંજુરી મુળ રહે મફતનગરના છાપરા.દેવી સિનેમાની સામે,નરોડા,અમદાવાદ મુળગામ-રાણીવાડા,તા,જી-સીરોઇ,રાજસ્થાન(૨) અનીલ રમેશભાઇ ઠાકોર ઉ.વ-૨૫ ધંધો-છુટક મજુરી રહે મફતનગરના છાપરા,દેવી સિનેમા પાસે,નરોડા,અમદાવાદ નાની પાસેથી મળી આવેલ ઉપરોક્ત ગુનાના કામે લુંટ કરી લઇ ગયેલ મોબાઇલ નંગ-૧ કિ રૂ ૪,૦૦૦/- તથા રોકડા રૂ ૬,૨૬૦/- તથા એનરોલમેન્ટ ફોર્મ તથા ફોટો કિ રૂ ૦૦/- નાને ઉપરોક્ત ગુનાના કામે અટક કરી તા.૨૭/૦૩/૨૦૨૧ ના કલાક ૧૦/૫૫ વાગે મુદ્દામાલ સાથે પકડી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.તા-૨૭/૦૩/૨૦૨૧.

આરોપીઓના નામ

(૧) દશરથ ઉર્ફે હોથી પીરાજી મારવાડી ઉ.વ-૨૦ ધંધો-મંજુરી મુળ રહે મફતનગરના છાપરા.દેવી સિનેમાની સામે,નરોડા,અમદાવાદ મુળગામ-રાણીવાડા,તા,જી-સીરોઇ,રાજસ્થાન
(૨) અનીલ રમેશભાઇ ઠાકોર ઉ.વ-૨૫ ધંધો-છુટક મજુરી રહે મફતનગરના છાપરા,દેવી સિનેમા પાસે,નરોડા,અમદાવાદ

મુદ્દામાલ –

અલગ અલગ દરની ચલણી નોટો રૂ ૬,૨૬૦/- તથા એક નોકીયા કંપનીનો ફોન કી.રૂ ૪૦૦૦/-

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વે.સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કોન્સ પંકેશભાઇ ધનાભાઇ બ.નં. ૪૦૫૬ પો.કો.પીયુષ નટવરલાલ બ.નં.૧૦૧૭૬ તથા પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પો.કો. પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા એલ.આર.પ્રવિણભાઇ વાઘાભાઇ બ.નં.૫૧૬ તથા એલ.આર. તથા એલ.આર.ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર.વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ તથા એ.આર.અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫.



મોબાઈલ ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન

ચોરીના મોબાઇલ ફોન સાથે એક આરોપીને પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશનનો મોબાઇલ ફોન ચોરીનો ગુનો શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા મિલ્કત સબંધી વણ શોધાયેલા ગુનાઓ શોધી કાઢવા સુચના આપતા હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.વી.રાણા સાહેબ નાઓના સીધા માર્ગ દર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ તથા સર્વેલન્સ સ્કોડના માણસો ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા પેટ્રોલીગમા ફરતા ફરતા ગરીબનવાઝ મસ્જીદના નાકે આવતા અ.પો.કો માનસંગભાઇ ગફલભાઇ તથા લોકરક્ષક વિજય મગનભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે તા ૨૫/૦૩/૨૦૨૧ ના કલાક / વાગે આરોપી નુરેનજર નશરૂદ્દીન અન્સારી ઉ.વ ૧૯ હાલ રહે, ગરીબનવાઝ મસ્જીદના નાકે વાઇટ હોટલની ઉપર ચંડોળાપાળ ઇસનપુર અમદાવાદ શહેર મુળ રહે,ગામ-નરગા થાના-બેલા જી-સિતામઢી બિહારનાને પકડી પાડી તેની પાસેથી વિવો કંપનીનો વિ-૧૭ મોડલનો મોબાઇલ ફોન જેનો IMEI નં. ૮૬૫૭૯૬૦૪૭૬૮૩૮૧૫ તથા ૮૬૫૭૯૬૦૪૭૬૮૩૮૦૭ કિંમત રૂપિયા ૮૦૦૦/-નો મુદ્દામાલ રીકવર કરી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૦૦૨૧૯/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢેલ છે તા.૦૪/૦૨/૨૦૨૧



પાસા અટકાયતની વિગત

ખાડીયા પોલીસ સ્ટેશન

અસામાજીક પ્રવૃતિ અન્વયે પાસા અટકાયતીને અટકાયત કરી ભુજ જેલ ખાતે મોકલી આપી ખાડીયા પોલીસ સ્ટેશનની પોલીસે કરેલ પ્રસંશનીય કામગીરી

મહે. પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેરનાઓના હુકમ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ આર.વી.અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ મકરંદ ચૌહાણ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'ઇ' ડિવી. ડૉ.સાગર સાંબડા સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ સીનીયર પોલીસ ઇન્સપેક્ટરશ્રી પી.ડી.સોલંકી નાઓની સૂચના આધારે પી.આઇ. પર્સનલના પોલીસ કર્મચારીઓની મદદ આધારે ખાડીયા પોલીસ સ્ટેશન જુગારના ગુનામાં સંડોવાયેલ ઇસમ શ્રી અશેષભાઈ ઉર્ફે કાળુ સ/ઓ ઈન્દ્રવદન દુધીયા (ઘાંચી) ઉં.વ.- ૪૮ રહે.- મ.નં.-૮૮૨, વેરાઈમાતાની પોળ રાયપુર ચકલા ખાડીયા અમદાવાદ શહેર હાલ રહે :- બહુચર ફાર્મ સંસ્કાર ધામની બાજુમાં મનીપુર ગોધાવી ગામ રોડ તા.- સાણંદ જી.- અમદાવાદનાની વિરૂધ્ધ પાસા અટકાયત અંગેની દરખાસ્ત તૈયાર કરી મહે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ દરખાસ્ત રજુ કરતાં પાસા અટકાયત હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૪૦૯/૨૦૨૦ તા.-૨૪/૧૨/૨૦૨૦ મુજબથી હુકમ થતાં સદરી હુકમ આધારે સર્વેલન્સ સ્કોડના પોલીસ સ્ટાફને પાસા અટકાયતીને શોધી કાઢવા કરેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોડના માણસોએ સદરી અટકાયતીને પકડી લાવી રજુ કરતાં હે.કો. ગેમરભાઇ આલાભાઇ બ.નં.- ૮૦૨૨ નાઓએ સદરી પાસા અટકાયતીને તા.-૨૬/૦૩/૨૦૨૧ ના રોજ હુકમની બજવણી કરી "ભુજ" પાલારા જેલ ખાતે પાસા અટકાયત હેઠળ મોકલી આપવા તજવીજ કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.તા- ૨૬/૦૩/૨૦૨૧.



ચાંદખેડા પોલીસ સ્ટેશન

દેશીદારૂની હેરાફેરી કરતા ઇસમને પાસા અટકાયત હેઠળ રાજકોટ જેલ ખાતે મોકલી આપતી ચાંદખેડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'એલ' ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવા ગુનાઓ આચરતા ઈસમો ઉપર સતત વોચ રાખી અત્રેના પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૮૨૧૦૧૬૯/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ.૬૬(બી) ૬૫(ઇ),૮૧, ૯૮(૨) મુજબના ગુનાના કામના આરોપી રમેશભાઈ નટ ઉ.વ.૨૮ ધંધો,છુટક મજુરી રહેવાસી,નટના છાપરા IOC ડેપોની સામે કાળીગામ સાબરમતી અમદાવાદ શહેર મુળ વતન ગામ.જવાઈબંધ નટ કોલોની તા.જી.પાલી રાજસ્થાન નાનો પોતાના સાગરીતો સાથે મળી પોલીસથી ચોરી છુપીથી દેશીદારૂ ૭૭૪ લિટર કિ.રૂ.૧૫,૪૮૦/- તથા રોકડ નાણાં રૂ.૧૫૦૦/- તથા એક ફોર વ્હીલ ગાડી નં. GJ-01-KQ-8060 કિ.રૂ. ૨,૫૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૧ કિંમત રૂ.૧૦,૦૦૦/- મળી કુલ્લે ૨,૭૬.૯૮૦/ની મત્તાનો મુદ્દામાલ સાથે હેરાફેરી કરતો મળી આવેલ હોય અને સદરી આરોપીની આવી પ્રવૃતિ પ્રોહી કલમ ૯૩ કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય જેથી સદરી આરોપી વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૩૦૩/૨૦૨૧ તા.૨૬/૦૩/૨૦૨૧ થી સદરી આરોપીને રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ હોય સદરી આરોપીને આજરોજ તા.૨૬/૦૩/૨૦૨૧ કલાક ૨૨/૧૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપેલ છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) હે.કો. નિખિલેશ દિપકકુમાર બ.નં.૮૫૩૯

(૨) હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩

(૩) પો.કો. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮

(૪) પો.કો. પ્રકાશભાઇ કાન્તીભાઇ બ.નં.૧૩૧૬૭



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૬૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૧૪૨ લીટર દેશી દારૂ, ૪૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬ બિયર ટીન, ૧ કાર, ૧ રિક્ષા, ૧ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી, ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૧૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૬૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૫૭૦/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ મુકેશભાઈ કિસનાજી સાલ્વી (ઉ.વ.૩૦) (રહે. એસ.ટી.ડી.પાસે ગામ-પીપલાન્તીખુર્દ તા-રાજસમન્દજી- રાજસમન્દ રાજસ્થાન) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૩/૨૦૨૧ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે રિક્ષામાં આવેલ ત્રણ પુરૂષ મેમનગર TVS ટાયરના શો રૂમ તથા ઈન્ડીયન ઓઈલ પેટ્રોલપંપ વચ્ચે મેટ્રો પીલ્લર નં-૧૩૦ થી પીલ્લર નં-૧૩૧ વચ્ચે સરનામુ પુછવાના બહાને મુકેશભાઈ સાલ્વી પાસે આવી વિશ્વાસમાં લઇ તારી પાસે કેટલા પૈસા પડેલ છે જે તુ મને આપ જેથી હુ તેનુ પડીકુવાળી તને પરત આપુ, જે પડીકાની તારે ઘરે જઈ તેની પુજા કરવાની તેમ કહી વિશ્વાસમાં લઇ મુકેશભાઈ સાલ્વી પાસેથી રૂપિયા ૧૦,૦૦૦/- કઢાવી સફેદ રંગના કાગળમાં પડીકુવાળી પૈસાવાળુ પડીકું બદલી લઈ ન્યુઝ પેપરના કટીંગ કરેલા કાગળના ટુકડાઓનુ બીજુ પડીકું આપી પેન્ટના ખિસ્સામાં મુકાવી નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એલ.રબારી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૫૭૧/૨૦૨૧**

દાણીલીમડાઃ બૈજુભાઇ પન્નાલાલ શાહ (રહે. દત સોસાયટી પંકજ સોસાયટી સામે રામજી મંદીર રોડ પાલડી) એ તા.૨૬/૦૩/૨૦૨૧ સાજના ૭/૧૦ વાગે દાણીલીમડા ચંડોળા બી.આર.ટી.એસ. બસ સ્ટોપ સામે પોતાની કારમાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા પુરૂષે કાર નજીક આવી " તમારી ગાડીમાંથી ઓઈલ ટપકે છે " તેમ કહેતા કાર રસ્તાની સાઈડમાં ઉભી રાખી બૈજુભાઈ અને કારના ડ્રાયવર કારનુ બોનેટ ખોલી ઓઈલ ચેક કરતા હતા ત્યારે અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં જરૂરી કાગળો અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- હતા. આ અંગેની ફરીયાદ બૈજુભાઈએ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૫૭૨/૨૦૨૧**

કૃષ્ણનગરઃ રાઘવેન્દ્ર પુરષોતમપ્રસાદ તિવારી (ઉ.વ.૩૬) (રહે. હરિવિલા ફ્લેટ બાપા સિતારામ ચોક નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૩/૨૦૨૧ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં મફલર બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર મણીલાલ ચલાવે છે.

રામોલઃ શિતલબહેન વા/ઓ રાહુલભાઇ જૈન (ઉ.વ.૩૫) (રહે.શિવપાર્ક સોસાયટી રામરાજ્યનગર રબારી કોલોની ચાર રસ્તા પાસે) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૩/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી